**જન્મદિને વધામણી**



રંજનબેન કે મકવાણા



સૂર્યકાન્ત બાગ્વે
મો. ૯૯૯૮૭ ૪૬૮૦૮

# ફટાકડા વિનાની દિવાળી બહુ સારી







પોદાર જમ્બો કિડ્સ, ગાંધીનગર ખાતે બાળકોને ફટાકડાથી થતા નુકસાનથી અવગત કરાવવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અર્લી ચાઈલ્ડહૂડ કૅર ઍજ્યુકેશન ડિપ્લોમા પ્રોગ્રામના તાલીમાર્થી શિક્ષકો દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ સમક્ષ એક પપેટ શો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને નાટ્યનિદર્શન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. દિવાળી એ ઉત્સાહનો તહેવાર છે, ઉમંગનો તહેવાર છે, રોશનીનો તહેવાર છે, રંગોનો તહેવાર છે. એમાં ફટાકડાના માધ્યમથી વાયુ પ્રદૂષણ તથા ધ્વનિ પ્રદૂષણ ન ઉમેરીએ તો ખરા અર્થમાં તે રંગીન અને યાદગાર ઉત્સવ બની શકે છે એવી શીખ આ કાર્યક્રમના માધ્યમથી બાળકોને આપવામાં આવી હતી. ફટાકડાથી ન માત્ર મનુષ્યને પરંતુ સમગ્ર પર્યાવરણને, જીવસૃષ્ટિને નુકસાન થાય છે અને તે માનવીનાં ખિસ્સાં તથા શારીરિક સ્વાસ્થ્ય માટે પણ નુકસાનકારક બાબત છે એ વાત બાળકોના ગળે ઉતારવામાં આવી હતી, જેના પરિપાકરૂપે અનેક બાળકોએ ફટાકડા વિના આગામી દિવાળી ઉજવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

## આજે ગુરુકુળ ખાતે ઘનશ્યામ મહારાજના પાટોત્સવનું આયોજન


ગાંધીનગર, તા. ૫

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સૅક્ટર-૨૩ ખાતે શુક્રવારે શ્રી ઘનશ્યામ મહારાજના ૧૩મા પાટોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

ડિગ્રી ઍન્જિનીયરીંગ, ડિપ્લોમા ઍન્જિનીયરીંગ અને ઍમસીએના સ્ટાફ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત શ્રી હરીને ફૂલોનો અભિષેક અને ફળોનો ભોગ ધરાવવામાં આવશે. સ્વસ્થ સમાજના ઉદ્દેશ્ય સાથે ફળોનો મહાપ્રસાદ સરકારી હૉસ્પિટલ, મૂક-બધિર શાળા, વૃધ્ધાશ્રમ, અનાથ આશ્રમ અને જરૂરિયાતમંદ બાળકોમાં ગુરુકુળ પરિવાર દ્વારા વિતરીત કરવામાં આવશે.

# ‘મારી સર્જનયાત્રા’ અંગે ચિનુ મોદીનું વક્તવ્ય







ગાંધીનગર, તા. ૫

વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા ‘ઉત્સવની પૂર્વસંધ્યાએ શબ્દોત્સવ’ શિર્ષક હેઠળ ‘મારી સર્જનયાત્રા’ વિશે કવિ, સાહિત્યકાર ડૉ. ચિનુ મોદીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત નાટ્યકાર અર્ચન ત્રિવેદીએ નાટક ‘મૅમરીલેન’ના એક ભાગનું વાચિકમ્ કર્યું હતું. ગાયક આભા દેસાઈએ કવિ ચિનુ મોદીની ગઝલનું ગાન કર્યું હતું અને ચિનુ મોદીએ ગદ્ય કાવ્ય તેમજ લઘુવાર્તાનું પઠન કર્યું હતું. સંચાલક મનીષ પાઠકે સંચાલન દરમ્યાન ચિનુ મોદીની ગઝલના અલગ-અલગ શેર કહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં પંક્તિ શુક્લએ પ્રાર્થનાનું ગાન કર્યું હતું. વક્તા ચિનુ મોદીનું પુસ્તકથી સ્વાગત અને વક્તાનો પરિચય ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા દ્વારા આપવામાં આવ્યો હતો. આભારવિધિ મહામાત્ર મનોજ ઓઝાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનિષ પાઠખ ‘શ્વેત’ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે ચિનુ મોદીની ગઝલોના શેર પ્રસ્તુત કરીને પ્રેક્ષકોની દાદ મેળવી હતી.

### ચિનુ મોદી ઉવાચ

- નાનપણમાં ભેંસનું તાજું દૂધ પીવા મળતું એમ આજે દર શનિવારે યુવા કવિઓ દ્વારા મને કવિતા મળે છે.
- ૧૭મા વર્ષે પ્રેમમાં પડ્યા ત્યારે રચાયેલું કાવ્ય ‘અંતર મારું એકલવાયું’ ધાર્મિક મૅગેઝીન ‘વિશ્વમંગલ’માં પ્રગટ થયું હતું.
- ગઝલના છંદ કવિ મનહર દિલદારે શીખવ્યાં, એ મારા ગઝલગુરુ
- છેલ્લાં ૨૬ વર્ષથી શબ્દમાંથી અક્ષર થયો છું.

## સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે સરદાર પટેલ જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૫

શહેરની સર્વપ્રથમ લૉ કૉલેજ સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગાંધીનગરના પરિપત્ર મુજબ સરદાર પટેલ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. દિલીપ મેવાડાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું તથા વિદ્યાર્થીઓનું જ્ઞાન વધે તે હેતુસર સરદાર વિષયક સવાલો વિદ્યાર્થીઓને પૂછ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે પોસ્ટર તેમજ ડિબેટ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલ મેવાડાએ કર્યું હતું. કૉલેજનો તમામ ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં પ્રાણાયામ-યોગ શિબિર

## સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ, અને ધ્યાનની તાલીમ શિક્ષકોને અપાઈ ઉપરાંત યોગાસન અને પ્રાણાયામ પ્રાયોગિક રીતે કરાવાયાં

ગાંધીનગર, તા. ૫

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે શાળા પરિવાર માટે યોગ-પ્રાણાયામ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ સ્થિત લકુલેશ યોગ યુનિવર્સિટીના નિષ્ણાત નીતિબેન ભાવિકભાઈ શાહે શિક્ષકોને યોગ વિશે વિશદ્ માહિતી આપી પ્રાણાયામ શીખવી સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવ્યું હતું. સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ, અને ધ્યાનની તાલીમ શિક્ષકોને આપી એમણે દૈનિક જીવનમાં આ બાબતોની ઉપયોગીતા દર્શાવી હતી.

ૐકાર, અનુલોમ-વિલોમ, કપાલભાતી, સૂર્ય નમસ્કાર, સૂક્ષ્મ વ્યાયામ જેવી શારીરિક વિકાસ માટેની કરસતો અને યોગાસનોનું મહત્ત્વ દર્શાવતાં માર્ગદર્શક નીતિબેને સમગ્ર સ્ટાફને પ્રાણાયામ અને યોગાસનો કરાવ્યાં હતાં.

આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ નીતિબેનનું સ્વાગત કરી અભિવાદન કર્યું હતું તથા કાર્યક્રમને અંતે સ્મૃતિચિહ્ન આપી તેમનો આભાર માન્યો હતો.

# વિજ્ઞાન જાથા મંગળવારે કાળી ચૌદશની ઉજવણી કરશે !

## સ્મશાનમાં નનામી ઉપર ચ્હા બનાવી ગ્રામજનો ચુસકી લગાવશે

ગાંધીનગર, તા. ૫

આગામી ૧૦ નવેમ્બર ને મંગળવારના રોજ ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા કાળી ચૌદશની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત મહિકામાં નનામી ઉપર ચ્હા બનાવી ગ્રામજનો દ્વારા ચુસ્કી લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જાથાના ચૅરમૅન જયંત પંડ્યા જણાવે છે કે ગોંડલ તાલુકાના મોટા મહીકા ગામના સ્મશાનમાં સમસ્ત ગામલોકો માટે ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સ્મશાનમાં મેલીવિદ્યાની નનામી કાઢી તેને બાળીને ભસ્મીભૂત કરવામાં આવશે અને કથિત ભૂત-પ્રેતનું સરઘશ કાઢી તેનો ભય દૂર કરવામાં આવશે. સ્મશાનના ખાટલે વડા-ભજીયાં જે ચાર ચોકમાંથી એકત્ર કરેલા છે તે આરોગવામાં આવશે. સદીઓ જૂની કાળી ચૌદશની ખોફનાક વાતો, તથા છે તેને જાકારો આપવામાં આવશે. મહિલાઓ માટે સ્મશાનના ખાટલા પર બેસી ભજીયાં આરોગવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે બેટી બચાવો અને સ્વચ્છતા અભિયાન માટે પણ લોકોને શપથ લેવડાવવામાં આવશે. રાજ્યમાં શુભેચ્છકોએ અનેક નાનાં-મોટાં નગરોમાં સ્વૈચ્છિક રીતે સ્મશાનમાં કાર્યક્રમો યોજ્યા છે તેને જાથા દ્વારા આવકારવામાં આવ્યા છે એમ જણાવતાં તેમણે ઉમેર્યું છે કે ૭૩૫ જાગૃતિઓ પોતાનાં ગામોમાં આ પ્રકારના જાગૃતિ અંગેનાં આયોજનો નિર્ધારીત કર્યાં છે.

કાળીચૌદશની ખોફનાક વાતો, કથનો, શાસ્ત્રો આધારિત ઘટનાઓ, કપોળકલ્પિત વાતોથી લોકો વર્ષોથી ગૂમરાહ થઈ રહ્યા છે અને જાતજાતના ક્રિયાકાંડોમાં સપડાઈ રહ્યા છે. એમને આમાંથી મુક્ત કરાવવા અને સાચી વાતની જાણકારી આપવા જાથા દ્વારા આવા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હોવાનું સંસ્થાના પ્રમુખ દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# અજન્મા શિશુની આધુનિક પાઠશાળા : તપોવન સંશોધન કેન્દ્ર

ઉત્તમ સંતતિ ઈચ્છતા, દૈવી બાળકોની ઝંખના કરતા માતાપિતા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી આશાનું કિરણ લઈને આવી છે, તેના તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રમાં માતાની કૂખમાં પાંગરી રહેલા ગર્ભસ્થ શિશુનું સંસ્કાર ઘડતર કરવામાં આવે છે.

ચૈતન્યસભર બાળકોના સર્જન માટે ૨૦૦૯માં ગુજરાત સરકાર દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે, જેનું કાર્ય ચાર વિભાગોમાં વહેંચાયેલું છે : સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણ.

યુનિવર્સિટી દ્વારા તપોવન સંશોધન કેન્દ્ર ચલાવવામાં આવે છે, જેના દ્વારા ગર્ભસ્થ શિશુનું સંસ્કાર ઘડતર કરવામાં આવે છે.

બાળકની ઉત્તમતાનું શિક્ષણ તેના ગર્ભકાળથી જ શરૂ થાય છે અને જીવનપર્યંત રહે છે એ વાત આપણા ઋષિઓએ કરેલી છે. આપણા પ્રાચીન ધર્મગ્રંથો, ચરક સંહિતા, સુશ્રુત સંહિતા, અષ્ટાંગ હૃદય, કશ્યપ સંહિતા અને ગર્ભોપનિષદ જેવા ગ્રંથોમાં દૈવી આત્માના આવાહનથી માંડીને ગર્ભસંસ્કાર, ગર્ભશિક્ષણ, ગર્ભધ્યાન દ્વારા દૈવીગુણોવાળા બાળકને મેળવવાનું માર્ગદર્શન આપવામાં આવેલું છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આ વારસાને પુનઃ જાગૃત કરવામાં આવી રહ્યો છે, તપોવનના માધ્યમથી. આમ, તપોવન એટલે અજન્મા શિશુની પાઠશાળા, ગર્ભસંસ્કાર અને ગર્ભવિજ્ઞાનના ગહન અને ઉત્તમ શાસ્ત્રના વિકાસ અને અમલનું કેન્દ્ર, શ્રેષ્ઠ સંતાન મેળવવા માટેની સાધનાસ્થલી અને ગર્ભસ્થ શિશુ તથા સગર્ભ બહેનના શારીરિક, માનસિક, બૌધ્ધિક અને ભાવનાત્મક વિકાસની પ્રક્રિયા અંગે સંશોધન કરવાનું કેન્દ્ર.



યુનિવર્સિટી દ્વારા જુદા જુદા જિલ્લાઓમાં ચાલી રહેલાં કુલ ૨૦ તપોવન કેન્દ્રોમાં ગર્ભસ્થ શિશુના સર્વાંગી વિકાસ માટે સગર્ભા માતાઓને શિક્ષણ આપવામાં આવે છે, જે અંતર્ગત -

ગર્ભસ્થ શિશુ શારીરિક રીતે તંદુરસ્ત જન્મે તે માટે સગર્ભા માતાઓને કયા મહિને બાળકના કયા અંગોનો વિકાસ થાય છે અને તેથી તે સમયે કેવા પ્રકારનો આહાર લેવો જોઈએ તે અંગે આયુષ ડૉક્ટર્સ, આહાર અને પોષણ વિષયના નિષ્ણાતો, ગાયનેક ડૉક્ટર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે તથા સગર્ભાઓનો પૌષ્ટિક નાસ્તો પણ આપવામાં આવે છે.

સગર્ભાને પ્રસૂતિમાં કોઈ કષ્ટ ન પડે તે માટે ફિઝિયોથેરાપીસ્ટ, યોગાચાર્ય, ડૉક્ટર્સનું માર્ગદર્શન આપવામાં આવે છે.

દરરોજ હળવી કસરતો તાલીમ પામેલી કાઉન્સેલર બહેનો દ્વારા સગર્ભાને કરાવવામાં આવે છે.

આયુર્વેદમાં એવું કહેવામાં આવ્યું છે કે ચોથા મહિનાથી બાળક ગર્ભમાં સાંભળતું થઈ જાય છે, તેનામાં પાંચમે મહિને મન અને છઠ્ઠે મહિને ગર્ભસ્થ શિશુની બુધ્ધિનો વિકાસ થાય છે. આથી ચોથા મહિનાથી ઉત્તમ સંગીત, ભજનો, સ્તુતિસ્ત્રોતોનો પાઠ આ બધું જ કેન્દ્રમાં કરાવવામાં આવે છે. સગર્ભા ઉત્તમ પુસ્તકો વાંચી શકે તે માટે અહીં પુસ્તકાલય પણ ઉપલબ્ધ છે, વાંચી ન શકે એવી સગર્ભાને ઉત્તમ વાર્તાઓ વાંચી સંભળાવવામાં આવે છે. આ ઉપરાંત ગાણિતિક રમતો, કોયડા-ઉકેલ, ભાષાશુદ્ધિ વગેરે પણ સગર્ભા માતાઓને શીખવવામાં આવે છે જેથી બાળકનું મન અને બુધ્ધિ તેજસ્વી બને.

ગર્ભસ્થ શિશુના હૃદયનો વિકાસ થાય, એનું લાગણીતંત્ર સ્વસ્થ રીતે વિકસે, એનામાં સંગીત, કલા, સાહિત્યના વિકાસનું બીજારોપણ થાય તે માટેની વિવિધ પ્રવૃત્તિઓ - સંગીત, ચિત્ર દોરવાં, માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ - વગેરે પણ સગર્ભાને અહીં કરાવવામાં આવે છે.

ગર્ભસ્થ શિશુનું અંતરમન માતાની પ્રાર્થનાઓ, ભાવનાઓ, ધ્યાન, સંવેદનાઓથી ઘડાય છે. તપોવન કેન્દ્રોમાં સામુહિક પ્રાર્થનાઓ, ધ્યાન, સામુહિક મંત્રપાઠ નિયમિત કરાવવામાં આવે છે. આ ઉપરાંત સગર્ભા પોતાના ગર્ભસ્થ શિશુ સાથે પ્રેમભરી વાતચીત કરી શકે તે માટે ગર્ભધ્યાન અને ગર્ભસંવાદ પણ કરાવવામાં આવે છે. આ માટેની એક પુસ્તિકા ‘ગર્ભધ્યાન-ગર્ભસંવાદ’ પણ યુનિવર્સિટીએ પ્રકાશિત કરી છે.

ઉપરાંત, સગર્ભાના આહાર-વિહાર-વિચાર-આચાર કેવા હોવા જોઈએ તેનું સચોટ માર્ગદર્શન આપતું પુસ્તક ‘અજન્મા શિશુની અંતર્યાત્રા’ પણ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ પ્રકાશિત કર્યું છે.

તપોવન કેન્દ્રોમાં રવિવાર સિવાય દરરોજ નિયમિત રીતે ૩ કલાક આ બધી જ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે અને અવારનવાર વિવિધ વિષયોના નિષ્ણાતોને બોલાવીને પણ સગર્ભાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

ગાંધીનગર ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પરિસર, સૅક્ટર-૨૦ ખાતે તપોવન સંશોધન કેન્દ્ર ચાલે છે, જેમાં ૨૦ જેટલી સગર્ભા મહિલાઓને સવારે ૧૧થી ૨ દરમ્યાન ઉક્ત પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

રાજ્યભરનાં ૨૦ કેન્દ્રો અને ૩૩ પેટાકેન્દ્રોમાં ૯ હજારથી વધુ સગર્ભા બહેનો ગર્ભસ્થ શિશુના વિકાસ માટેનું નિઃશુલ્ક શિક્ષણ મેળવી રહી છે, અત્યાર સુધીમાં ૨૭ હજારથી વધુ માતાઓ આ જ્ઞાન મેળવી ચૂકી છે.

**- જ્યોતિબેન થાનકી**

# જે બી પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઍડવૅન્ચર કૅમ્પમાં



ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ માઉન્ટ આબુ ખાતે આયોજિત ઍડવૅન્ચર કૅમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાલયના ૪૫ વિદ્યાથીઓ આ ત્રણ દિવસીય કૅમ્પમાં ભાગ લીધો હતો અને ઝીપલાઈન, ડબલ રોપ, ક્રૉસિંગ રોપ, ક્લાઈમ્બિંગ તેમજ ટ્રૅકીંગ જેવી ઍક્ટીવિટીઝમાં ભાગ લઈને પોતાના આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો.

કૅમ્પ દરમ્યાન વિદ્યાર્થીઓને નિસર્ગની સાથે સમય પસાર કરવાનો મોકો પણ મળ્યો હતો તથા રાત્રે કૅમ્પ ફાયરની મજા પણ વિદ્યાર્થીઓને માણવા મળી હતી.

કૅમ્પમાં શાળાનાં ચાર શિક્ષકો ઋચિતભાઈ ઠાકોર, અશોકભાઈ પટેલ, ડાહીબેન પટેલ, સરોજબેન ઍસ પટેલ પણ જોડાયાં હતાં.

કૅમ્પને સફળ બનાવવા બદલ શાળાનાં આચાર્યા નીવાબેન બી પટેલે વિદ્યાર્થીઓ, શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.